# શેઠ ડી. એમ. પોલીટેકનીક ઇન હોટીકલ્ચર, મોડેલ ફાર્મ ખાતે નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ માટે ઓરીઅન્ટેશન કાર્યક્રમ યોજાયો

શેઠ ડી. એમ. પોલીટેકનીક ઇન હોટીકલ્ચર, વડોદરા ખાતે તારીખ ૦૫.૧૧.૨૦૨૨ ના રોજ પ્રથમ વર્ષમાં નવા પ્રવેશ પામેલ ૪૨ વિદ્યાર્થીઓ (૨૯ વિદ્યાર્થીઓ અને ૧૩ વિદ્યાર્થીનીઓ) માટે ઓરીઅન્ટેશન કાર્યક્રમ નું આયોજન કરવામા આવેલ હતું. સદર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને બાગાયત ક્ષેત્રે કારકિર્દી તથા માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા માટે ડો. એન. આઇ. શાહ આચાર્ય અને ડીનશ્રી, બાગાયત મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, તેમજ નિવૃત આચાર્ય અને ડીનશ્રી, ડો. એચ. સી. પટેલ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમની શરૂઆતમાં એકેડેમિક ઇન્ચાર્જ ડો. વિ. કે. પટેલે મહેમાનોનું શાબ્દિક તથા ફૂલોથી  સ્વાગત કરી તમામ સ્ટાફનું તેમજ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. ત્યારબાદ બાગાયત પોલિટેકનિક ના તમામ સ્ટાફે પોતાનો પરિચય આપીને કોલેજની વિવિધ પ્રવૃતિઓ જેવીકે શૈક્ષણિક, હોસ્ટેલ, ફાર્મ, વિદ્યાર્થી કલ્યાણ, NSS વગેરેની જે તે ઇન્ચાર્જ અધિકારીશ્રીએ  માહિતી આપેલ હતી. કોલેજના આચાર્ય શ્રી ડો. બી એચ પંચાલે તમામ વિદ્યાર્થીઓ તથા મહેમાનોને આવકારીને વિદ્યાર્થીઓને અત્રેની કોલેજનાં સ્થાનનું મહત્વ, બાગાયત ફાર્મની માહિતી તથા  બાગાયત ક્ષેત્રે ભવિષ્યમાં ઉભી થનાર તકો વિશે જાણકારી આપેલ હતી. ડો. એન. આઇ. શાહે વિદ્યાર્થીઓને બાગાયતમાં રોજગારીની તકો, ડી ટુ ડી માં પ્રવેશની જાણકારી તેમજ ભારતમાં બાગાયતના વિકાસની તકો તેમજ તેના ઉજ્વળ ભવિષ્ય વિશે માહિતી આપેલ હતી. ડો. એચ. સી. પટેલે વિદ્યાર્થીઓને કારકિર્દી ઉજ્જવળ બનાવવા માટે સર્વાંગી વિકાસ થવો જરૂરી છે તેમ કહીને જીવન ઘડતર અને કારકિર્દી વિકાસમાં આપણી નાનામાં નાની સુટેવો કેટલી ઉપયોગી છે તે ઉદાહરણ દ્વારા સમજાવેલ. વધુમાં ગુજરાતના ભારત રત્ન સપૂત સ્વ. સરદાર વલ્લભભાઇ પટેલનાં જીવન વૃતાંતનો ટૂંકમાં પરિચય આપીને તેમના જીવનની વિવિધ ઘટનાના  ઉદાહરણ આપીને વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ તથા  બપોર પછીના સેશનમાં એકેડેમિક ઇન્ચાર્જ ડો. વિ. કે. પટેલે શૈક્ષણિક અને  પરીક્ષા પદ્ધતિની વિસ્તૃત જાણકારી આપેલ હતી. શ્રી વી. ડી, રાઠવાએ એન.એસ.એસ પ્રવુતિની,  ડો. આઈ. એન. ભાભોરે હોસ્ટેલના તથા સેલ્ફ મેસનાં નિયમો વિશે, ડો. આર. જે. મકવાણાએ ઈતર પ્રવુતિ તથા રમત ગમત  અંગે અને શ્રીમતી હેતલ અમીપરાએ કોલેજના પુસ્તકાલયની માહિતી આપેલ. અંતમાં ડો. આર. જે. મકવાણાએ તમામનો આભાર માનીને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ હતો.








